Seat No. : _______________

# XY-115

**April-2013**

**B.A. (Sem. IV)**

**(Gujarati) CC-212**

**ગ્રંથકાર : રા.વિ. પાઠક**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

૧. નીચેના પ્રશ્નોની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ જણાવો : ૨૦

(૧) રામનારાયણ વિ. પાઠકનો જન્મ કઈ તારીખે થયો હતો ?

(અ) ૮-૪-૧૮૮૭ (બ) ૪-૮-૧૮૭૮

(ક) ૮-૪-૧૯૯૦ (ડ) ૧૮-૪-૧૮૮૭

(૨) રા.વિ. પાઠકનું પારણું કયા યુગે ઝૂલાવ્યું હતું ?

(અ) સુધારાયુગ (બ) નર્મદયુગ

(ક) પંડિતયુગ (ડ) ગાંધીયુગ

(૩) રામનારાયણનાં માતાનું નામ શું હતું ?

(અ) ગંગાબાઈ (બ) આદિતબાઈ

(ક) આનંદીબાઈ (ડ) જમનાબાઈ

(૪) રામનારાયણે કોલેજ શિક્ષણની શરૂઆત ક્યાં કરી હતી ?

(અ) એમ.ટી.બી. કોલેજ, સુરત (બ) એલ.ડી. આર્ટ્સ કોલેજ, અમદાવાદ

(ક) ગુજરાત કોલેજ, અમદાવાદ (ડ) શામળદાસ કોલેજ, ભાવનગર

(૫) રા.વિ. પાઠકની લેખનની શરૂઆત કઈ સાલમાં થઈ ?

(અ) ૧૯૦૮ (બ) ૧૯૪૮

(ક) ૧૯૫૬ (ડ) ૧૯૫૭

(૬) રા.વિ. પાઠકની પ્રથમ કૃતિ કયા સામયિકમાં પ્રગટ થયેલી ?

(અ) કૌમુદી (બ) સાબરમતી

(ક) સંસ્કૃતિ (ડ) ઊર્મિ અને નવરચના

(૭) રામનારાયણે વકીલાતની શરૂઆત કયા ગામથી કરી હતી ?

(અ) મહુવા (બ) વડોદરા

(ક) સાદરા (ડ) પાદરા

(૮) રામનારાયણનું પ્રથમ લગ્ન કઈ ઉંમરે કોની સાથે થયું હતું ?

(અ) ૧૬ વર્ષ – મનુબહેન (બ) ૧૬ વર્ષ – ગંગાબહેન

(ક) ૧૬ વર્ષ – મણિબહેન (ડ) ૧૬ વર્ષ – મધુબેન

(૯) રા.વિ. પાઠકે પ્રથમ પત્ની ગુજરી જતાં કયું સોનેટ રચ્યું ?

(અ) છેલ્લું દર્શન (બ) વિદાય

(ક) મંગલત્રિકોણ (ડ) વધામણી

(૧૦) મુંબઈમાં ૧૯૧૧માં રામનારાયણ સાથે કોણ રહેતું હતું ?

(અ) ર.વ. દેસાઈ (બ) સુન્દરમ્

(ક) નરહરિ પરીખ (ડ) નાનાભાઈ ભટ્ટ

(૧૧) નીચેનામાંથી કોના સાહિત્ય ગુરુ રામનારાયણ હતા ?

(અ) દુર્ગેશ શુકલ (બ) ક.મા. મુનશી

(ક) ર.વ. દેસાઈ (ડ) સ્નેહરશ્મિ

(૧૨) રામનારાયણના સમકાલીન સીમા ચિહ્નરૂપ ગુજરાતી નવલિકાકાર કોણ હતા ?

(અ) ર.વ. દેસાઈ (બ) ઉમાશંકર જોશી

(ક) ક.મા. મુનશી (ડ) ધૂમકેતુ

(૧૩) આમાંથી કોણ રા.વિ. પાઠકને વિદ્યાપીઠમાં મળ્યું હતું ?

(અ) કિશનસિંહ ચાવડા (બ) ર.વ. દેસાઈ

(ક) મુનશી (ડ) કાકા કાલેલકર

(૧૪) રામનારાયણે કયા ઉપનામથી હળવા નિબંધો લખ્યાં છે ?

(અ) રખડુ (બ) જિપ્સી

(ક) સ્વૈરવિહારી (ડ) સ્વેચ્છાચારી

(૧૫) 'દ્વિરેફની વાતો' ના કેટલા ભાગ છે ? અને તેમાં લગભગ કેટલી વાર્તાઓ છે ?

(અ) ત્રણ-પંચાસેક (બ) બે-બાવીસેક

(ક) ત્રણ-ચાળીસેક (ડ) ચાર-ચુમાલીસેક

(૧૬) હીરાબહેન સાથેના લગ્નમાં લગ્ન માટેનો આગ્રહ કોનો હતો ?

(અ) હીરાબહેન (બ) રામનારાયણ

(ક) આદિતબાઈ (ડ) કાકા કાલેલકર

(૧૭) રા.વિ. પાઠકનું મૌલિક નાટક કયું છે ?

(અ) ભગવજ્જુકીયમ્ (બ) કાકાની શશી

(ક) દેવી અને રાક્ષસી (ડ) મૃચ્છકટિકમ્

(૧૮) રા.વિ. પાઠકનું અવસાન શાથી થયું હતું ?

(અ) લકવાથી (બ) હૃદયરોગના હુમલાથી

(ક) ઈન્ફ્લુએન્ઝાથી (ડ) ટાઈફોઈડથી

(૧૯) વિદ્યાપીઠમાં રામનારાયણ કયા માસિકનો સાહિત્ય વિભાગ સંભાળતા હતા ?

(અ) પ્રસ્થાન (બ) યુગધર્મ

(ક) ગુજરાતપત્ર (ડ) સંસ્કૃતિ

(૨૦) રા.વિ. પાઠકના જીવનની મહત્ત્વની ઘટના કઈ છે ?

(અ) ગુજરાત વિદ્યાપીઠમાં આગમન (બ) પત્નીનું અવસાન

(ક) પુત્રીનું અવસાન (ડ) પ્રથમ લેખ પ્રગટ થવો.

૨. (અ) નીચે આપેલ વાર્તાઓમાંથી કોઈપણ **એક** વાર્તાનું રસદર્શન કરાવો : **૧૦**

(૧) ખેમી

(૨) નવો જન્મ

(૩) જક્ષણી

(બ) નીચે આપેલ પાત્રોમાંથી કોઈપણ **એક**નું પાત્રાલેખન કરો : **૫**

(૧) મુકુંદરાય

(૨) રમણલાલ માસ્તર

(૩) હરજીવન

૩. (અ) નીચે આપેલ કાવ્યોમાંથી કોઈપણ **એક** કાવ્યનું રસદર્શન કરાવો : **૧૦**

(૧) છેલ્લું દર્શન

(૨) વૈશાખનો બપોર

(૩) મંગલત્રિકોણ

(બ) 'સખી ! જો' કાવ્યમાં વ્યક્ત થયેલી ભાવસંવેદના. **૫**

**અથવા**

'ગાંધીયુગ' કાવ્યમાં પ્રગટ થતી વિચારણા.

૪. (અ) ટૂંકનોંધ લખો : (કોઈપણ **બે**) ૧૦

(૧) દ્વિરેફની વાતોમાં વાસ્તવ

(૨) 'સાચી વાત' વાર્તાના ગુણદોષ

(૩) 'જમનાનું પૂર' ગદ્યકાવ્ય તરીકે

(બ) ટૂંકનોંધ લખો : (કોઈપણ **બે**) ૧૦

(૧) 'શેષનાં કાવ્યો' માં પ્રગટતું પ્રકૃતિનિરૂપણ

(૨) 'શેષનાં કાવ્યો' માં પ્રગટતું પ્રણય નિરૂપણ

(૩) 'શેષનાં કાવ્યો' ની અલંકાર સમૃદ્ધિ